Extra No. 223

©

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LVI] SATURDAY, JUNE 20, 2015/JYAISTHA 30, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART I-A

## CENTRAL SECTION

**Orders and Notifications (Other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Borough, District Municipal, Primary Education and Local Fund Audit Acts.**

### પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

### જાહેરનામું.

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી નવેમ્બર, ૨૦૧૪.

**ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.**

**ક્રમાંક : કેપી/૨૦૧૪ નો ૪૯/પીએસઆર/૧૨૯૪/૭૦૬/ખ.**– ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ ના ગુજરાતના ૧૮મા)ની કલમ-૨૨૭ની પેટા-કલમ (૫) સાથે વાંચતાં, કલમ ૨૭૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ (વિચાર વિનિમય) નિયમો, ૧૯૯૮ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧ આ નિયમો ગુજરાત જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ (વિચાર વિનિમય) (સુધારા) નિયમો, ૨૦૧૪ કહેવાશે.

૨. ગુજરાત જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ (વિચાર વિનિમય) નિયમો, ૧૯૯૮માં, નિયમ ૩ને બદલે, નીચેનો નિયમ મૂકવો :-

"૩. નિમણૂંક અને બદલી.-

(ક) નિમણૂકની મુદત એક વર્ષથી વધુ હોવાની સંભાવના ન હોય; અથવા

(ખ) વહીવટી કારણોસર એક વર્ષથી વધુ મુદત માટે, હંગામી નિમણૂંક કરવાની તાત્કાલિક આવશ્યકતા હોય તે સિવાય,-

સીધી પસંદગીથી નિમણૂક કરવાના, લોન સેવા, પ્રતિનિયુક્તિ, ફેર-નિમણૂક અથવા રાજ્ય સેવામાંથી પંચાયત સેવામાં, અનુસૂચિમાં જણાવેલ કોઈપણ જગાઓ ઉપર બદલી કરવાના સંબંધમાં સમિતિની સલાહ મેળવવી જોઈશે;

પરંતુ ખંડ (ખ) માં ઉલ્લેખેલ હંગામી નિમણૂકના કિસ્સામાં, સંબંધિત પંચાયતે, તેમ છતાં, પસંદગી સમિતિને તેની તાત્કાલિક જાણ કરવી જોઈશે.''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**યુ. યુ. પઠાણ,**
સરકારના ઉપસચિવ.

---

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**જાહેરનામું.**

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

**ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.**

**ક્રમાંક : કેપી/૨૦૧૪ નો ૯૯/પીએસઆર/૧૨૯૪/૭૬૪/ખ.**– ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ ના ગુજરાતના ૧૮મા)ની કલમ-૨૨૭ની પેટા-કલમો (૫) અને (૭) સાથે વાંચતાં, કલમ ૨૭૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત પંચાયત સેવા (કર્મચારીઓની બદલી) નિયમો, ૧૯૯૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧ આ નિયમો ગુજરાત પંચાયત સેવા (કર્મચારીઓની બદલી) (સુધારા) નિયમો, ૨૦૧૪ કહેવાશે.

૨. ગુજરાત પંચાયત સેવા (કર્મચારીઓની બદલી) નિયમો, ૧૯૯૫માં, નિયમ ૩માં, પેટા-નિયમ (ખ)માં' વિદ્યમાન પરંતુક પછી, નીચેનો પરંતુક દાખલ કરવો :-

''વધુમાં, ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૯૮ની જોગવાઈઓ અનુસાર, કરાર આધારિત નિમણૂંક પામેલા જિલ્લા સંવર્ગના પંચાયતના કર્મચારીએ, કરારગત મુદત સંતોષકારક રીતે પૂર્ણ થયા પછી, આ નિયમો હેઠળ ફરમાવવામાં આવે તેવી અરજી કરી હોય.''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**આઈ. એમ.શેખ,**
સરકારના સંયુક્ત સચિવ.

---